ગુજરાત વહીવટી સેવા (જુનીયર સ્કેલ), વર્ગ-૧ માંની નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ અને ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ માંની તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ના સંવર્ગની સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી જગ્યાઓમાં શારિરીક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- ઇએસઆર/૧૦૨૦૦૬/૪૩૦૯/ઝ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૩/૧૦/૨૦૧૦

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૨/૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક:- સીઆરઆર/૧૦૯૪/૧૬૫૪/ગ.૨

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૫/૨૦૦૬નો પરિપત્ર ક્રમાંક:- અપગ/૧૦૨૦૪૩/આઇ.૫૫/છ.૧

(૩) કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યક્તિઓ માટેના), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો કેસ નં. ૩૯૯/૨૦૦૯માં આવેલ તા. ૧૧/૧૨/૨૦૦૯નો ચુકાદો.

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૩/૨૦૧૦નો પત્ર નં:-અપગ/૧૦૨૦૦૩/આઇ-૫૫/પા.ફા.રોસ્ટર.૧ અને વિકલાંગ વ્યક્તિઓ માટે સીધી ભરતીમાં ૩ ટકા જગ્યાઓ અનામત રાખવામાંથી મુક્તિ આપવા બાબતની પેટા તજજ્ઞ સમિતિની તા.૧૯/૩/૨૦૧૦ની બેઠકની કાર્યવાહી નોંધ.

(૫) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૩૦/૫/૦૧ અને તા.૨૯/૬/૦૧ ના ઠરાવ ક્રમાંક-વીએસપી/૧૦૨૦૦૦/૫૧૬૯/ઝ

(૬) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ઠરાવ ક્રમાંક:- ઇએસઆર/૧૦૨૦૦૬/૪૩૦૯/ઝ તા.૨૬/૮/૨૦૦૯

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૭/૨૦૧૦નો પત્ર નં: પવટ/૧૦૨૦૧૦/૧૯૪/રોસ્ટર.૧ અને વિકલાંગ વ્યક્તિઓ માટે સીધી ભરતીમાં ૩ ટકા જગ્યાઓ અનામત રાખવામાંથી મુક્તિ આપવા બાબતની પેટા તજજ્ઞ સમિતિની તા.૨૮/૭/૨૦૧૦ની બેઠકની કાર્યવાહી નોંધ.

PANCHAYAT'S, RURAL HOUSING & RURAL DEVELOPMENT DEPARTMENT
GOVT. OF GUJARAT

**ઠરાવ:**

ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ની જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવામાં આવે છે. બઢતીથી ભરવાની થતી જગ્યાઓ મામલતદાર, વર્ગ-૨ અને તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ સંવર્ગમાંથી નક્કી થયેલ રેશિયો મુજબ ભરવામાં આવે છે. વંચાણે લીધેલ

ક્રમ-( ૫ )ના ઠરાવથી તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ અને વંચાણે લીધેલ ક્રમ-(૬)ના ઠરાવથી ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧માંના નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓમાં ૩ ટકા જગ્યાઓ હલન ચલનની વિકલાંગતાવાળી (ઓર્થોપેડીક) [locomotor disability (orthopedic)] વ્યક્તિઓ માટે અનામત રાખવાનું ઠરાવેલ છે.

૨. ભારત સરકારના તા.૧૫/૭/૨૦૦૭ના જાહેરનામા મુજબ એ,બી,સી કેટેગરીમાં જગ્યાઓ વર્ગીકૃત થયેલ હોઇ, વંચાણે લીધેલ ક્રમ-(૩)ના ચુકાદા સંદર્ભે તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ની જગ્યાઓમાં વિકલાંગ વ્યકિતઓ માટે અનામત રાખવાની બાબત તજજ્ઞ સમિતિ સમક્ષ પુનઃ સમીક્ષા માટે રજુ કરતાં, વંચાણે લીધેલ ક્રમ- (૪)ના પત્રથી મળેલ તજજ્ઞ સમિતિની કાર્યવાહી નોંધમાં કરાયેલ ભલામણ મુજબ તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ની સીધી ભરતીથી નિમણુંકની જગ્યાઓમાં વિકલાંગ વ્યક્તિઓ માટે નક્કી થયેલ ત્રણેય કેટેગરીમાં એક એક ટકો જગ્યા અનામત રાખવાની થાય છે.

૩. આથી, તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ની સીધી ભરતીથી નિમણુંકની જગ્યાઓમાં હલનચલનની વિકલાંગતા (ઓર્થોપેડીક) (locomotor disability (orthopedic) ધરાવતા ઉમેદવારો માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેના વંચાણે લીધેલ ક્રમ (૫) અને (૬)ના ઠરાવ આથી રદ કરવામાં આવે છે અને તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વર્ગ-૧ ની સીધી ભરતીથી નિમણુંકની જગ્યાઓમાં નીચેની કેટેગરીમાં દર્શાવેલ વિકલાંગતા ધરાવતા વિકલાંગ વ્યક્તિઓ માટે નીચે મુજબની જગ્યાઓ અનામત રાખવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | અનામતની ટકાવારી | કેટલા ટકા સુધીની વિકલાંગતા ધરાવતી વ્યક્તિને અનામતનો લાભ આપવાનો છે ? |
|---|---|---|---|
| ૧. | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | ૧ ટકો | ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી (મોડરેટ) વિકલાંગતા. |
| ૨. | શ્રવણની ખામી | ૧ ટકો | ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી (મોડરેટ) વિકલાંગતા. |
| ૩. | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | - |

૪. આ જગ્યાઓમાં ઉપરોક્ત કેટેગરીની વિકલાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો મુજબ જે તે ભરતી પ્રસંગ પછી તેવી જગ્યાઓ ત્યાર પછીના ત્રણ ભરતી પ્રસંગ સુધી આગળ ખેંચીને ભરવાની રહેશે. ત્યારબાદ તે અનામત જગ્યાઓ રદ થયેલી ગણાશે.

PANCHAYATS, RURAL HOUSING & RURAL DEVELOPMENT DEPARTMENT • GOVT. OF GUJARAT

૫. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ સામાન્ય વહીવટ વિભાગ મારફતે સરકારશ્રીની તા ૩/૯/૨૦૧૦ રોજની નોંધમાં મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

PANCHAYATS, RURAL HOUSING & RURAL DEVELOPMENT DEPARTMENT
GOVT. OF GUJARAT

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

(૧) માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માનનીય મંત્રીશ્રી ( પંચાયત )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ./ સંસદીય સચિવશ્રી/ માન.વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવાલયના સર્વે વિભાગો
(૮) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્ર દ્વારા)
(૯) પંચાયત વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા/બોર્ડ/ કોર્પોરેશન
(૧૦) વિભાગના સર્વે અધિક/સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રી
(૧૧) વિભાગની સર્વે શાખાઓ
(૧૨) શાખા/ ના.સે.અ. પસંદગી ફાઇલ.